Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ ( ચાલુ ) વીર સં. ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ વૈશાખ

## નવકાર મહામંત્ર

અડસઠ અક્ષર અધિક ફળ, નવ પદ નવે નિધાન;
વીતરાગ સ્વયંમુખ વદે, પંચ પરમેષ્ટિ પ્રધાન.
સર્વ મંત્ર શીર મુગટમણી સદ્ગુરુ ભાવિત સાર;
સો ભવિયા મન શુદ્ધ શું નીત જપીએ નવકાર.

( શ્રી લાભ વિજયજી )

આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઇ આદિ ન જાણે એમ ભાખે ભગવંત.
પૂરવ દિશી આદિ ચારે પ્રપંચે, સમર્યા સંપત્તિ સાર;
સોભવિયા ભકતે ચોકખે ચિત્ત નિત જપીએ નવકાર.

( નવકાર મંત્ર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૮૩ ] મે–૧૯૮૬ [ અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ૐ સત્ | શ્રીમદ્ રાજચંદ્ર | ૯૩ |
| (૨) | અર્થ એ અનર્થની જનની યાને નાળીયેરીનો પાયો | — | ૯૪ |
| (૩) | શિક્ષણ કેવું આપશો ? | સંકલન હીરાલાલ બી. શાહ | ૯૫ |
| (૪) | સમ્યક્ત્વ એટલે શું ? | લેખક : રતીલાલ માણેચંદ શાહ | ૯૬ |
| (૫) | ભક્તિનો ઉપદેશ | — | ૯૯ |
| (૬) | કવિથી ચઢે અનુભવી | — | ૧૦૦ |
| (૭) | બુલબુલ અને ગુલાબ | લેખક : ઓસ્કાર વાઇલ્ડ | ૧૦૧ |
| (૮) | ચક્રવર્તી | લેખક : સવાઈલાલ જાદવજી શાહ | ૧૦૪ |
| (૯) | જુના જમાનાની મોટપ | — | ૧૦૫ |
| (૧૦) | જાય દરિયાની ખાડમાં | — | ૧૦૬ |
| (૧૧) | અપમાન કરનારને તરતજ દાદ દેનાર મોટા મનના રાજ્યાધિકારી–પટ્ટણી સાહેબ | — | ૧૦૭ |
| (૧૨) | ઉત્કટ ભક્તિભાવ | લેખક : ભદ્રબાળ | ૧૦૮ |
| (૧૩) | સ્તવન | લેખક : સવાઈલાલ જાદવજી શાહ | ટાઇટલ ૩ |


આ સભાના નવા આજીવન સભ્ય

## (૧) શ્રી પ્રેમચંદ માધવજી દોશી–ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર ૧૬-૫-૮૬

**માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

આ સભાના ૯૦મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૨ના જેઠ સુદ એકમ રવિવાર તા. ૮-૬-૮૬ના રોજ ઉજવવામાં આવશે.


આ પ્રસંગે સવારમાં તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠશ્રી મુળચંદ નથુભાઈ તરફથી પુજા ભણાવવામાં આવશે. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તથા ભાવનગરવાળા શેઠશ્રી નાનચંદ તારાચંદ તથા શેઠશ્રી ધનવંતરાય રતીલાલ છગનલાલ (અંબિકા સ્ટીલવાળા) તથા શેઠશ્રી સલોત ચુનીલાલ રતીલાલ અને તેમના ધર્મપત્ની અ.સૌ. જસુમતીબેન ચુનીલાલ તથા ભુપતરાય નાથાલાલ શાહ ( મહાવીર કોર્પોરેશન દરબારગઢવાળા ) અને તેમના માતુશ્રી અંજવાળીબેન વચ્છરાજની રકમના વ્યાજ વડે સભાસદ બંધુઓનો ભોજન સમારંભ યોજવામાં આવેલ છે. તો આપશ્રીને જેઠ સુદ એકમને રવિવારના રોજ તળાજા આવવા આમંત્રણ છે.

**લી. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટેજ છે. કોઈ મેમ્બરો સાથે ગેસ્ટ હશે તો તેની ફી એક ગેસ્ટની રૂા. ૧૦-૦૦ લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ વૈશાખ : મે-૧૯૮૬ [ અંક : ૭

# ૐ સત્

બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત,
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્. (૧)

બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝન કી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત, (૨)

એહી નહી હૈ કલ્પના, એહી નહીં વિભંગ,
કઈ નર પંચમકાળ મેં, દેખી વસ્તુ અભંગ. (૩)

નહિ દે તુ ઉપદેશ કું, પ્રથમ લહિ ઉપદેશ;
સબસેં ન્યાર અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. (૪)

જપ, તપ ઔર વ્રતાદિ સબ. તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. (૫)

પાયા કી એ વાત હૈ, નિજ છંદન કો છોડ;
પિછે લાગ સત્પુરૂષ કે, તો સબ બંધન તોડ. (૬)

—શ્રીમદ્ રાજચંદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અર્થ એ અનર્થની જનની યાને નાળીયેરીનો પાયો

( ગતાંકથી ચાલુ )

અનુક્રમે તેનું રૂદ્રચંડ નામ આપ્યું. અનુક્રમે અનેકને દુઃખ આપનાર એવું ઝેરી વૃક્ષ સમાન યૌવનપણું તે પામ્યો. હંમેશ અકાર્યને સેવે છે. એક દિવસ ચોરી કરતાં પકડાયો. સમરભાસૂર રાજાએ તેને મારવાનો હુકમ કર્યો ત્યારે કોટવાલે તેને શૂલિ પર ચઢાવી દીધો. બૂમરાણ કરતો તે મૃત્યુ પામ્યો. ત્યાંથી 'વંશા' નામની બીજી નારકીમાં ઉપન્યો. કંઈક ન્યૂન ત્રણ સાગરોપમનું આયુષ્ય ભોગવી આ જ વિજયમાં ખૂબ મનોહર લક્ષ્મી નિલયમાં ઉપન્યો.

લક્ષ્મીનિલયમાં અશોકદત્ત શેઠના ઘરે સારા વર્ણવાળી સુંદર શુભ કરાની કુક્ષિમાં પુત્રી પણે ઉત્પન્ન થયો. તેનું નામ 'શ્રી દેવી' રાખ્યું. જ્યારે તે યૌવન પામી ત્યારે સાગરદેવના પુત્ર સમુદ્રદત્ત સાથે વિવાહ કર્યો. તેના સ્વામીની સાથે સુખો ભોગવતી હતી ત્યાં ગ્રૈવેયકમાંથી દેવ આયુષ્ય પૂર્ણ કરી તૂ ગર્ભમાં આવ્યો. તારૂં નામ સાગરદત્ત પાડયું. જ્યારે તૂં યૌવન પામ્યો ત્યારે દયાળુ એવા દેવશમાં નામના ધર્માચાર્યની પાસે પ્રતિબોધ પામ્યો. પછી શ્રાવક વ્રતને પાળતો પ્રાણી માત્રનો પાલક થયો. અનુક્રમે ઇશ્વરકંધ નામના શ્રાવકની પુત્રી નન્દિની સાથે પરણ્યો. સુખમાં દિવસો વીતાવતો.

તને એક પુત્ર થયો. તેના જન્મ મહોત્સવ કરવાને સગાં-વ્હાલાં સાથે ઉજાણી કરવા નિધાનની પાસે આવ્યો. પુત્ર-ધ્વજ કરવા વિચાર કર્યો. તે કારણથી ખાડો ખોદતાં નિધાન-કળશનો કાંઠો જોયો, તેથી ખાડો પૂરી દીધો. જલ્દીથી બીજો ખાડો ખોદ્યો. ત્યાં પુત્ર ધ્વજ સ્થાપન કર્યો. પછી ભોજન કરી પોતાને ઘેર ગયો. ત્યાં તે માતાને પૂછવાનું વિચાર્યું, માતાને હકીકત કહી. "માતાજી, કહો એહનું શું કરવું? ત્યારે માતાએ કહ્યું, "મને તે બતાવો. મને બતાવ્યા વગર તે કાઢશો નહિ. તેની યોગ્યતા, અયોગ્યતા જોઇને કહીશું." તેં પણ તારા હાથ જ તે જગા બતાવી, અજ્ઞાન દોષથી માતાએ વિચાર્યું કે કોઇ ઉપાયે આ પુત્રને મારી નાખું. તેમ વિચારી કહ્યું, "હે પુત્ર! હમણાં ધન કાઢવું યોગ્ય નથી. આપણે અવસરે લઈ આવશુ" ત્યારે તેં કહ્યું, "તમે કહ્યું તે પ્રમાણ."

ત્યારબાદ કેટલાક દિવસો વીત્યા.-તારી માતા માટે દુઃખ પૂર્વક અને તારે માટે સુખમાં તારી માતા પૂર્વ ભવના લોભ દોષથી તને મારવાનું વિચારતી અને દુઃખથી હંમેશ બળતી. મનમાં ચીંતવતી, "પોસહ-ઉપવાસના પારણા વખતે ભોજનમાં ઝેર આપીશ." એક સમયે તેણે તને વિષ આપ્યું. વિષથી તૂં લેવાઇ ગયો. તારી પત્ની નન્દિનીએ કોલાહલ કર્યો. માતા પણ કપટથી રડવા લાગી. ત્યાં લોકો સહુ જોવા આવ્યા. તેમાં એક સિદ્ધ પુત્ર હતા, તેણે મંત્ર શક્તિથી તને જીવાડયો. તને ચિંતા થઈ કે મનુષ્ય જીવનમાં ઘણું દુઃખ છે, માટે ગૃહવાસમાં રહેવાથી શું? વ્રત પચક્ખાણ વગર ભવ પૂરો થશે તો? તેથી ઉચિત વિધિએ દેવશર્મા ગુરૂ પાસે દીક્ષા લીધી. નિરતીચાર ચારિત્ર્ય પાળી ત્રીસ સાગરોપમના આયુષ્યવાળા ગ્રૈવેયકમાં તૂં

( અનુસંધાન પાના ૯૬ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શિક્ષણ કેવું આપશો ?

સંકલન : હીરાલાલ બી. શાહ

મા-બાપ તેના બાળકોને ભણવા માટે શાળામાં મોકલે છે તેને ગણિત, ઇતિહાસ, ભૂગોળ, બિજ્ઞાન વગેરેના વિષયો શીખવે છે. બાળક વધુ સુંદર અને ચપળ દેખાય તે માટે તેને તાલીમ આપે છે. આ બધું વ્યવહારમાં જરૂરી છે. પરંતુ માત્ર વ્યાવહારિક શિક્ષણથી બાળકનો વિકાસ થતો નથી. તેના ચારિત્રના વિકાસ માટે સદાચારના પાઠો, જૈનધર્મના પાઠો અને તેના ભાવાર્થો અને જૈન દર્શનનું શિક્ષણ આપવું ખુબજ જરૂરી છે. બાળક નીતિવાન, સંસ્કારી, સદાચારી, વિવેકી, વિનયી. વિનમ્ર, પાપભીરૂ અને માનવતાવાદી બને તે માટે શૈશવકાળથી જૈન દર્શનનું શિક્ષણ આપવું જોઈએ.

બાળકો અને કન્યાઓના છાત્રાલયમાં જૈન ધર્મના પાઠો અને જૈન દર્શનનો પ્રાથમિક અભ્યાસ કરાવવો જ જોઈએ અને બાલ્યાવસ્થાથી જ સંયમના સસ્કાર પાડવા જોઈએ. અને એ બધા સારા સંસ્કારો યુવાનીમાં પણ મજબુત રહે તે પ્રમાણે સદાચારના પાઠોનો અને જૈન દર્શનનો પ્રાથમિક અભ્યાસ કરાવવો જોઈએ.

બાળકો ભવિષ્યમાં સ્વચ્છંદી ન બને અને સંયમી જીવન જીવી શકે તેમજ વિષય અને કષાયમાં લુબ્ધ બની ભવને હારી ન જાય તે માટે પણ બાળકોને નાનપણથી સદાચારના પાઠો અને જૈન દર્શનના પ્રાથમિક અભ્યાસ જરૂર કરાવો.

કેળવણી તો લીધી હોય પરંતુ જો મનના સંકલ્પ વિકલ્પ દૂર થાય નહિ તો ઉન્માર્ગથી બચાય નહિ. સદાચારમાં પ્રવૃત થવાય નહિ અને જીવનમાં શાંતિ સ્થાપાય નહિ તો એ કેળવણીનો કોઇ અર્થ નથી. માયા મમતાનું જોર ઘટે, રાગ-દ્વષ ઓછા થાય, સંકલ્પ વિકલ્પ અને, સદાચારી ને નીતિમય જીવન જીવાય અને આત્માની સ્થિરતા થાય તો કેળવણી લીધી ગણાય. માટે બાળકોને નાનપણથી વ્યાવહારિક શિક્ષણની સાથે સદાચારના પાઠો અને જૈન પ્રાથમિક અભ્યાસ કરાવવો ખૂબજ જરૂરી છે.

સદાચાર એટલે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર આ પાંચે આચારનું યથાશક્તિ શુદ્ધ પાલન કરવાંથી જીવનની અવશ્ય સદ્‌ગતિ થાય છે. સદાચારથી ભવાંતર તો સુધરે જ છે પરંતુ આ ભવમાં પણ તેના અનેક લાભ મળે છે. આજે પ્રાયઃ પ્રતિષ્ઠા મેળવવા લોકો અનેકવિધ પ્રયત્નો કરે છે. પૈસા ખર્ચીને પણ પ્રતિષ્ઠા મેળવવા લોકો તૈયાર થાય છે. પણ આવી પ્રતિષ્ઠા દીર્ઘકાળ ટકતી નથી. સદાચારથી પ્રતિષ્ઠા સ્વયં પ્રાપ્ત થાય છે. સદાચારની સુવાસ દુર સુધી ફેલાઈ જાય છે.

જીવનમાં જ્ઞાનાચાર હોવાથી આત્માને અહિત એવુ કંઈ વિચારાતું નથી. વિચાર ન હોય તો પછી પ્રાયઃ આચારમાં આવતું નથી. ચારિત્ર અને તપથી આત્મા વિશુદ્ધ બને છે. દેહભાવ ઓછો થાય છે. પરિણામે પદાર્થ જન્ય દુઃખોથી શોક અને સંતાપથી બચી જવાય છે. દુઃખમાં પણ હિંમત જતી નથી.

આ જીવે અનેક ભવોમાં યથેચ્છ જીવન જીવ્યું. અનેક પ્રકારના તેણે ભોગો ભોગવ્યા છે. આજે જ્યારે તમો જૈન શાસન પામ્યા છો ત્યારે બાળકોને સદાચારના પાઠો અને જૈન દર્શનનો પ્રાથમિક અભ્યાસ જરૂર કરાવો. આ અભ્યાસથી બાળકો ભવિષ્યમાં સાદાઈથી જીવશે, સંયમ રાખશે, જરૂરિયાત બને તેટલી ઓછી રાખશે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરભિમાની અને વિનમ્ર બનશે, પ્રમાણિકતાથી કામ કરશે. સમતા અને સંતોષ રાખશે. આ બધા સદાચારના લક્ષણ છે સદાચારી જીવન જીવવાથી સુખી થવાય છે. આ સદાચારી જીવન મનુષ્યોજ જીવી શકે છે. દેવોને પણ આ જીવન દુર્લભ છે. તિર્યંચો આ જીવન જીવી શકતા નથી. દશદૃષ્ટાંતે દુર્લભ એવો માનવભવ મળ્યો છે. ત્યારે હે મહાનુભાવો તમો તમારા બાળકોને વ્યાવહારિક શિક્ષણની સાથે સદાચારના પાઠો અને જૈન દર્શનનો પ્રાથમિક અભ્યાસ જરૂર કરાવશોજી.

ભારત દેશમાં અનેક જૈન છાત્રાલયો છે, જેમાં વ્યાવહારિક કેળવણી આપવાની અથવા અપાવવાની સુવિધા છે. પરંતુ જે જૈન છાત્રાલયોમાં વ્યાવહારિક કેળવણી સાથે ધાર્મિક શિક્ષણ હજુ પણ ન અપાતું હોય, તેવા જૈન છાત્રાલયોમાં સદાચારના પાઠો અને જૈન દર્શનના અભ્યાસ કરાવવાની ખાસ જરૂર છે. જે જૈન છાત્રાલયોમાં વ્યાવહારિક કેળવણી સાથે ધાર્મિક શિક્ષણ ન અપાતું હોય, તેવા છાત્રાલયોના ટ્રસ્ટી સાહેબોને પોતાના છાત્રાલયમાં વ્યાવહારિક કેળવણીની સાથે, સદાચારના પાઠો અને જૈન દર્શનનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવા માટે નમ્ર પ્રાર્થના કરવામા આવે છે.

---

( અનુસંધાન પાના ૯૪નું ચાલુ )

દેવ થયો, તારી માતાએ ઘોર કર્મ બાંધ્યું તેથી મૃત્યુ પામી પંદર સાગરોપમના આયુષ્યવાળી ધૂમપ્રભા નારકીમાં તે પહોંચી. ત્યાંથી મરીને તિર્યંચમાં ગઈ. ત્યારબાદ જુદા જુદા ભવ કર્યો. પૂર્વભવના અભ્યાસવાળા લોભ દોષથી નાળિયેરીમાં ઉત્પન્ન થઈ

તું ત્યાંથી ચ્યવીને સાગરદત્ત શેઠના ઘરે શ્રીમતીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો.

**આ ભવમાં તમારી બેની આ અવસ્થા છે.**

મારો જે ભુતકાળ હતો તે તિર્થંકર ભગવંતે કહ્યો. તેથી મને વૈરાગ્ય થયો, "મહા ભાગ્યશાળી એવા હે શિખિકુમાર તૂ સાંભળ." પછી રાજાએ તે સાંભળીને આજ્ઞા આપી. મેં લક્ષ્મી કાઢી અને ઉપકાર કરીને દીન અનાથને વહેંચી દીધી અને ગણધર વિજયધર્મ અણગારની પાસે દીક્ષા લીધી. મારી જે વાત હતી તે કહી, વિચરતો એવો હું અહીં આવ્યો.

ખરેખર જગતમાં કોઈ કોઇનું નથી. શિખિકુમાર કહે છે, "ભગવંત! તમે જે જાણ્યું તે સાચું છે, બીજું સઘળું ખોટું છે. છતાં હે પ્રભુ! દીક્ષા લેવી કઠિન છે અને વાત કરવા સૌને સહેલી લાગે છે."

'**સમરાદિત્ય કેવલી**'માંથી

---

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

–તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યક્ત્વ એટલે શું !

—: લેખક :—
રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

સમકિત પામીને ચિત્તને નિર્મળ કરીને જીવ અર્ધ પુદ્ગલ પરાવર્તકાળ સુધી સંસારમાં રહે છે. કોઈક આત્મા તો બેઘડીમાં મિથ્યાત્વની ગાંઠ ભેદીને સમ્યક્ત્વ પામીને, ચારેગતિનો નાશ કરી મોક્ષ પામે છે. એટલે બે ઘડી એક એક સમય વધારતાં વધારતાં અર્ધ પુદ્ગલ કાળ સુધીના જેટલા સમયો થાય, તેટલા ભેદ અવિરતી સમ્યક્-દર્શનના છે. જે સમયે સમ્યક્ત્વનો ઉદય થાય છે, ત્યારથી જીવ પોતાના ગુણને ગ્રહણ કરે છે. તેમજ સંસાર અવસ્થાના દોષોનો નાશ કરે છે

યથા પ્રવૃત્તિકરણ અપૂર્વકરણ અને અનિવૃત્તિ-કરણ આ ત્રણ કરણ છે. તેમાં કોઈ વખતે આયુષ્ય કર્મ સિવાય બીજા સાતે કર્મની સ્થિતિ કોડા કોડી સાગરોપમ પ્રમાણે રહે ત્યારે યથા પ્રવૃત્તિકરણ થાય પછી મિથ્યાત્વની ગાંઠ ભેદી, પોતાનું અપૂર્વ વીર્યબળ અનુભવે ત્યારે અપૂર્વ કરણ થાય. છેલ્લે સમ્યક્ત્વ પ્રગટ થવાથી કર્મને વિલન કરવામાં પાછો હઠે નહિ ત્યારે અનિવૃત્તિ કરણ થાય જો કોઈ આ ત્રણે કરણો કરીને મિથ્યાત્વનો નાશ કરે છે અને સમકિત પામે છે તે સમકિતી કહેવાય છે.

સમ્યક્ત્વનું સ્વરૂપ, સમ્તક્ત્વની ઉતપત્તિ, સમ્યક્ત્વનું લક્ષણ, સમ્યક્ત્વનો ગુણ, સમ્યક્ત્વનું ભૂષણ, સમ્યક્ત્વના દોષ, સમ્યક્ત્વનું લુપ્ત થવું અને સમકિતના અતિચાર આ આ આઠ સમ્ય-ક્ત્વના વિવરણ છે.

જેને સત્યમાં પ્રતીતિ છે, જે સાચાની શ્રદ્ધા કરે છે અને એવી જેની અવસ્થા છે, તેમજ દિવસે દિવસે વધતી જતી ક્ષમા તથા નિર્લોભતા આદિ સમતાની રીત ગ્રહણ કરે છે અને ક્ષણે ક્ષણે સત્યનો સાક્ષાત્કાર કરે છે એવો મહાભાવ સમકિત કહેવાય છે.

કોઇને સ્વભાવથી સમકિત પ્રાપ્ત થાય છે, તો કોઈને ગુરૂના ઉપદેશથી થાય છે. આમ ચારેગતિમાં મોહરૂપી નિદ્રામાં રહેલા જીવોને આ રીતે સમકિત પ્રાપ્ત થાય છે, તેના પ્રકાર બતાવ્યા. આત્મ સ્વરૂપનો પરિચય હોવો, આત્મ પ્રતીતિમાં નિઃશંકપણું, આત્માથી ભિન્ન પુદ્ગલો એટલે કે બીજા પાંચ દ્રવ્યોનો પરિચય હોવો અને પોતાના આત્મ સ્વરૂપમાં લીન રહી માયા પ્રપંચને વિલીન કરવા આ સમ્યક્ત્વના લક્ષણ છે.

દયા, પ્રત્યેક આત્મા સાથે મૈત્રીભાવ, સ્વ-લઘુતા, ઈષ્ટ-અનિષ્ટ પર સમભાવ, દેવ-ગુરૂ પર ભક્તિ. વિરાગતા અને ધર્મ પ્રત્યે રાગ એ સમ્યક્ત્વના આઠ ગુણ છે.

જિન શાસનનો પ્રભાવ વધે તેવો ભાવ રાખવો, હેય-ઉપાદેયનો વિવેક રાખવો, ધીર-જથી કર્મ ઉદય સહન કરવા, સમકિત પામીને હર્ષ ધારણ કરવો અને તત્ત્વ વિચારમાં પ્રવીણતા કરવી આ પાંચ સમકિતના ભૂષણ છે.

આઠ મદ, આઠ મળ, છ આયતન અને ત્રણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂઢતા આ પચીસ દોષ સમ્યગ્દર્શનીને વર્જિત હોય છે.

**આઠ મળ :–** ધર્મ ઉપર એટલે જિન શાસનના વચન ઉપર શંકા રાખે, ધર્મમાં અસ્થિર રહે, દેવલોકના સુખની વાંચ્છા કરે, કુટુંબાદિક પ્રત્યે મમત્વ રાખે, આ ધર્મ મલિન છે એવી દુગંચ્છા કરે, સ્વામીવાત્સલ્ય ન કરે, પારકા દોષ જાહેર કરે, અને જ્ઞાન પ્રભાવનામાં ચિત્ત ન રાખે.

**આઠ મદ :–** જાતિ, ધન, કુળ, રૂપ, તપ, બળ, વિદ્યા અને અધિકાર આ આઠ મદ છે.

**છ અનાયત :–** કુગુરુ, કુદેવ અને કુધર્મની ઉપાસના તેમજ કુગુરૂ, કુદેવ, અને કુધર્મની પ્રશંસા કરે.

ત્રણ મૂઢતા અને પચીસ દોષ :– સુદેવને ઓળખે નહિ, સુગુરુને ઓળખે નહિ, સુધર્મને ઓળખે નહિ, આ ત્રણ મૂઢતા અજ્ઞાનનું પોષણ કરે છે. આમાં આઠ મદ, આઠ મળ, છ આયાતન અને ત્રણ મૂઢતા મળી પચીસ દોષ થાય.

જ્ઞાનના ગર્વથી, બુદ્ધિની મંદતાથી, નિષ્ઠુર વચન બોલવાથી, રૌદ્રભાવ ધરવાથી અને આળસુ પણાથી, એમ પાંચ પ્રકારથી સમ્યક્ત્વ વિલીન થઈ જાય છે.

સમ્યક્ત્વની ક્રિયાથી લોક મારી હાંસી કરશે એવો ભય રાખવો, પાંચ ઇંદ્રિયોના વિષય ભોગની રૂચિ રાખવી, ભવિષ્યમાં મારું શું થશે એવી ચિંતા રાખવી, મિથ્યાત્વીના સિદ્ધાંતની ભક્તિ કરવી અને મિથ્યા દર્શનની સેવા કરવી કરવી આ પાંચ અતિચાર પ્રકાશિત સમ્યક્ત્વને દુષિત કરે છે.

મોહની સાત પ્રકૃતિનો ઉદય લુપ્ત કરવાથી સમ્યગ્દર્શનનો આવિષ્કાર થાય છે, તે સાત પ્રકૃતિના નામ નીચે મુજબ છે.

મોહિની કર્મના બે ભેદ છે. (૧) ચારિત્ર (૨) દર્શન મોહિની, તેમાં ચારિત્ર મોહિનીની ચાર પ્રકૃતિ છે. અને દર્શન મોહિનીની ત્રણ પ્રકૃતિ છે, તેમાં પ્રથમ અનંતાનુબંધી ક્રોધની બીજી અભિમાનના રંગે રંગાયેલ અનંતાનુબંધી માન, ત્રીજી અનંતાનુબંધી માયા, ચોથી અનંતાનુબંધી લોભ, પાંચમી મિથ્યાત્વ મોહિની, છઠ્ઠી મિશ્ર મિથ્યાત્વ મોહિની અને સાતમી સમક્તિ મોહિની છે. આમા પહેલી છ પ્રકૃતિ વાઘણ જેવી છે, અને સાતમી સમક્તિ મોહિની કુભારજા જેવી છે. આ સાતે પ્રકૃતિ આત્માના સદ્ભાવને રોકનારી છે.

જેને આ સાત પ્રકૃતિ ઉપશમી જાય, તે ઉપશમ સમકિત કહેવાય. જે સાતે પ્રકૃતિનો નાશ કરે તે ક્ષાયિક સમકિત કહેવાય, જે એ સાત પ્રકૃતિમાંથી કેટલીક ઉપશમાવે અને કેટલીકનો ક્ષય કરે તે આત્મા ક્ષયોપશમી સમકિતી કહેવાય. જેણે એ સાત પ્રકૃતિમાંથી છ પ્રકૃતિનો ક્ષય કર્યો હોય અને જે સાતમી સમકિત મોહિનીને વેદે છે, તે વેદક સમકિત કહેવાય.

ક્ષયોપક્ષમ સમકિત ત્રણ પ્રકારે, વેદક ચાર પ્રકારે, ક્ષાયિક એક પ્રકારે અને ઉપશમ એક પ્રકારે એમ સમકિતના નવ પ્રકાર છે. સાત પ્રકૃતિમાંથી અનંતાનુબંધી ચોકડી નાશ પામી છે અને ત્રણ દર્શન મોહિની ઉપશમમાં ગઈ છે એ પહેલો ભેદ ચાર અનંતાનુબંધીના ચોકડી મિથ્યાત્વ મોહિની તથા મિશ્ર મોહિની એ છ ખપી છે તેમજ સમકિત મોહિની ઉપશમાવી છે, તે ઉપશમનો ત્રીજો ભેદ છે, આમ ક્ષયોપશમ સમક્તિના ત્રણ ભેદ થયા.

ચાર પ્રકૃતિ અનંતાનુબંધીનો નાશ કરી, મિથ્યાત્વ તથા મિશ્ર મોહની એ બે પ્રકૃતિને ઉપશમાવી, હવે એક સમ્યક્ મોહિનીને વેદે છે, તે ક્ષયોપશમિક સહિત વેદકનો બીજો ભેદ થયો, અનંતાનુબંધી ચોકડી, મિથ્યાત્વ મોહિની અને મિશ્ર મોહિની એ છયે પ્રકૃતિનો જેણે નાશ કર્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે અને જે એક સમ્યક્ત્વ મોહિની વેદે છે, તે ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય, ઉપશી છ પ્રકૃતિ જેમણે ઉપશમાવી છે અને જે એક સમક્તિ મોહિનીને વેદે છે, તે ઉપશમ વેદક સમ્યક્ત્વ કહેવાય.

ક્ષયોપશમ, વેદક, ક્ષપક અને ઉપશમ એમ સમક્તિના ચાર મૂળ ભેદ થયા, ક્ષયોપશમના ત્રણ ભેદ, વેદકના ચાર ભેદ, ક્ષાયિકનો એક ભેદ અને ઉપશમનો એક ભેદ એમ સર્વ મળી સમકિતતા નવ ઉત્તર ભેદ થયા.

મિથ્યાત્વની ગાંઠ ભેદીને આત્માની નિર્મળ જ્યોતિ જાગે અને જે જ્યોતિ મન, વચન અને કાયાના યોગથી જુદી છે, તેતો નિશ્ચય સમકિત પ્રમાણીએ, જેમાં યોગ મુદ્રા, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આદિ વિકલ્પ છે તે વ્યવહાર સમ્યક્ત્વ જાણીએ. આત્માના ચેતનરૂપ લક્ષણને જાણીને જે આત્મ દ્રવ્યને વેદે છે અને પર દ્રવ્યને પણ વેદે છે, પરંતુ અંતરાયના ઉદયથી જે પરાક્રમ ફોરવી શકતો નથી એટલે કે જે અવિરતી છે, તે સામાન્ય સમકિતી કહેવાય, જે ગુણ અને ગુણીના ભેદાભેદનો વિચાર વિસ્તાર રૂપે કરે, એટલે કે આત્માગુણી છે, જ્ઞાનાદિક ગુણ છે અને તેના ભેદાભેદનો વિચાર કરે છે, તેમજ હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિચાર ધરાવે છે. એ વિશેષ સમ્યક્ત્વ કહેવાય.

અવિરતી સમ્યક્ત્વની મોટામાં મોટી તેત્રીસ સાગરોપમની સ્થિતિ હોય છે અને જઘન્ય સ્થિતિ બે ઘડીની હોય છે.

સમ્યક્ત્વનો આવિષ્કાર થયો. એટલે મિથ્યાત્વનો નાશ અને મોક્ષનો ઉગમકાળ.

આ લખનો વાચકો સહુ વિભાવમાંથી સ્વભાવમાં આવી. પુરૂષાર્થને ફોરવી સમકિતી બને અને વિરાગમાં આગળ અને આગળ વધતા સંપૂર્ણ રાગ-દ્વેષ છૂટી જતા મોક્ષપદની પ્રાપ્તિ કરે એજ અભિલાષા.

## ભક્તિનો ઉપદેશ

(તોટક છંદ)

શુદ્ધ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળ પંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો. (૧)

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મન તાપ ઉતાપ તમામ મટે;
અતિ નિજ રતઃ વણદામ ગ્રહો ભજીને ભગવંત ભવંત લહો. (૨)

સમભાવી સદા પરિણામ થશે, જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો. (૩)

શુભ ભાવ વડે મને શુદ્ધ કરો, નવકાર મહા પદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો. (૪)

કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્વ સ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો. (૫)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિથી ચઢે અનુભવી

**Experience is the Greatest Teacher.**

અનુભવ સૌથી મહાન શિક્ષક છે.

**એક વખત રાજા ભોજ** તથા કવિ કાલિદાસ નિસર્ગનું સૌંદર્ય મ્હાણવા ફરવા નીકળ્યા હતા. વાર્તા વિનોદમાં ખૂબ પંથ કાપી નાખ્યો. પાછા ફરતાં કેડી ભૂલ્યા, ખૂબ ભટકયા બાદ એક રસ્તા પર આવી પહોંચ્યા. પણ માર્ગ કયાં જતો હશે તેની ખબર ન હતી.

નજીકમાં એક ખેતર જોયું. ત્યાં એક ડોશીમા નજરે પડયા. તેમણે તેને પૂછયું, "માજી! આ રસ્તો કયાં જાય છે?

બન્ને હતા સાદા વેષમાં છતાં ડોશીમાએ તેમને ઓળખી ગયા. ઘડીભર તેમની રમુજ કરવાનું મન થયું. તે બોલ્યા,

"આ રસ્તો તો કયાંય જતો નથી. વરસોથી અહિંનો અહિંજ પડયો છે. પણ તમે કોણ છો - તે તો કહો."

બન્ને પોતાની પીછાણ આપવા માગતા ન હતાં. તેથી કહ્યું, "અમે વટેમાર્ગુ છીએ."

માજીએ કહ્યું, "ભાઈઓ! વટેમાર્ગુ તો સંસારમાં બે જ છે. સૂર્ય અને ચન્દ્ર, માટે ઓળખ બરાબર આપો."

કવિએ કહ્યું, "અમે તો મહેમાનો છીએ."

વૃદ્ધા બોલી, "દુનિયામાં સાચા મહેમાન બે જ છે. એક ધન બીજું યૌવન, બન્નેને ખૂબ જાળવવાં પડે છે. માટે સાચી પીછાણ આપો."

રાજાની ધીરજ ખૂટી. તેણે કહ્યું, "હું તો રાજા છું."

માજીએ કહ્યું, "જગતમાં રાજા બે જ છે-ઈન્દ્ર ને યમ" તેમે એ બેમાંથી તો નથી ને?

બન્નેએ કહ્યુ, "અમે અપરાધીને ક્ષમા આપનાર છીએ.

વૃદ્ધાએ અસ્વીકાર કરતાં કહ્યું, સૃષ્ટિમાં ક્ષમા આપનાર તો બે જ છે – ધરતી અને નારી. તમે શું ક્ષમા આપતા'તા. તમે ખરેખર છો કોણ?

કંટાળી બન્નેએ કહ્યું, અમે ગરીબ માણસો છીએ"

"વાહ! વાહ! તમારા દિદાર ગરીબના નથી. પૃથ્વી પર ગરીબ બે જ છે—એક દીકરી અને બીજી બકરી. "હવે તો સાચો પરિચય આપો."

છેવટે તેમણે કહ્યું, "તમારી સમક્ષ અમે હારેલા છીએ."

વૃદ્ધાએ કહ્યું, "નહિ રે! દુનિયામાં હારેલા હોય તો માત્ર બે જ જણ છે—એક દેવાદાર અને બીજો દીકરીનો બાપ."

બન્ને ખૂબ મુંઝાઈ ગયા, "માજી, આપ અમારા કરતાં વધુ જાણો છો."

વૃદ્ધા હસી પડી અને કહ્યું, "ભલે ત્યારે હું કહું?

તમે રાજા ભોજ અને કવિ કાલિદાસ છો.

પછી માજીએ રાજમાર્ગ બતાવ્યો.

'**રાજા ભોજ**'માંથી ઉદ્દ્ધૃત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બુલબુલ અને ગુલાબ

લેખક : **ઓસ્કાર વાઈલ્ડ Oscar Wilde**

તે યુવાન વિદ્યાર્થીએ કહ્યું, "તેણીએ કહેલું કે જો હું લાલ ગુલાબ લાવા આપીશ તો તેણી મારી સાથે નૃત્ય કરશે. પણ મારા બગીચામાં એક પણ લાલ ગુલાબ નથી." પોતાના માળા-માંથી બુલબુલે આ સાંભળ્યું. તેણે પર્ણોમાંથી દૃષ્ટિ કરી અને આશ્ચર્ય પામ્યુ

"મારા બગીચામાં એક પણ લાલ ગુલાબ નહીં ! તેનાથી ચીસ પડાઈ ગઇ. તેની સુંદર આંખો અશ્રુઓથી ભરાઈ ગઈ! અરે ! કેવી નાની ચીજ ઉપર સુખ અવલંબે છે. જ્ઞાની પુરુષોના લખાણ મેં વાચ્યાં છે. તત્ત્વજ્ઞાનનું રહસ્ય હું જાણું છું. પણ એક લાલ ગુલાબના અભાવે, મારૂં જીવન દુઃખમય બની ગયું છે."

બુલબુલે કહ્યું, "આ છે સાચો પ્રેમી. પ્રતિ રાત્રી મેં તેની સમક્ષ ગીત ગાયાં છે; જો કે મને તેની પીછાણ નથી. પ્રતિરાત્રી મેં તારાઓ સાથે વાતો કરી છે, અને હું તેને જોઉં છું. તેના વાળ કાળા ભ્રમર જેવાં છે. તેના હોઠ તેના મનગમતા લાલ ગુલાબ જેવો છે. પણ પ્રેમનાં આવેશે તેનો ચહેરો ફીક્કો બનાવી દીધો છે, જાણે કે સફેદ હાથી દાંત. આંખના પઠળ ઉપર ગમગીની છવાઇ છે.

વિદ્યાર્થીએ ગણગણાટ કર્યો, આવતી કાલે રાજકુમારે નૃત્ય-સમારંભ રાખ્યો છે. મારૂં પ્રિયપાત્ર સાથ આપશે. જો હું લાલ ગુલાબ તેને લાવી આપીશ તો પ્હો ફાટતાં સુધી મારા સાથે નૃત્ય કરશે. અમે એકબીજાં આનંદ વિભોર બનશું." પણ બગીચામાં લાલ ગુલાબ નથી. તેથી હું એકલો અટુલો બેસી રહીશ અને તે મારી પાસેથી પસાર થઇ જશે અને મારૂં હૃદય તૂટી પડશે."

બુલબુલે કહ્યું, "ખરેખર આ સાચો પ્રેમી છે. હું જે ગાઉં છું તે તેને પીડા રૂપ છે. નિઃશંક પ્રેમ એ અદ્‌ભુત ચીજ છે. તે ઝવેરાત કરતાં પણ કીંમતી છે."

વિદ્યાર્થીએ કહ્યું, "સંગીતકાર આસન જમાવશે અને વાજીંત્રો વગાડશે. વીણાના સૂરે મારી પ્રેમિકા નાચશે. તેનું નૃત્ય એવું હશે કે જાણે પગ ધરતીને સ્પર્શતા નથી. વળી અમીરો તે જોતાં તેની આસપાસ ટોળે વળશે. પણ તે મારી સાથે નૃત્ય નહીં કરે, કેમકે મારી પાસે તેના માટેનું ગુલાબ નથી."

એટલું કહેતાં તે ઘાસ પર પડયો અને પોતાનો ચહેરો હાથથી છૂપાવી દીધો અને રડી પડયો.

પશુ પંખીઓ જિજ્ઞાસાથી જોઈ રહ્યાં. બુલ-બુલે કહ્યું, "તે રડે છે એક ગુલાબ માટે." તેઓએ કહ્યું, "કેટલું મૂર્ખાઈ ભર્યું !"

અને બીજા હસી પડયા.

પણ બુલબુલ તે યુવકની દિલગીરીનું રહસ્ય જાણતું હતું. તે એક વૃક્ષ પર શાંત બેસી રહ્યું અને પ્રેમના રહસ્યને વિચારતું રહ્યું.

એકાએક તેણે ઉડવા માટે પાંખો પ્રસારી, અને હવામાં ઉડયું. પડછાયા માફક વૃક્ષોમાંથી પસાર થયું અને પડછાયા માફક બગીચામાં ઘુમી વળ્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બગીચાના મધ્યમાં ગુલાબનો છોડ હતો. તે જોતાં તે તરફ ઉડયું. એક ડાળી પર ઉભું. તેણે કહ્યું, "મને એક ગુલાબ આપ. હું તને સુંદર ગીત સંભળાવીશ."

પણ વૃક્ષે મસ્તક હલાવ્યું. તેણે કહ્યું, "મારા ગુલાબો સફેદ છે, પર્વતના બરફ કરતાં પણ વધારે સફેદ. પણ મારા ભાઈ પાસે જા; તે સૂર્ય વાટિકા પાસે છે અને કદાચ તે તેને જોઇતું ફુલ આપશે." બુલબુલ ઉડીને ત્યાં ગયું.

તેણે કહ્યું, "મને એક લાલ ગુલાબ આપ. હું તને સૌથી મધુર ગીત સંભળાવીશ." પણ વૃક્ષે માથું હલાવ્યું. મારાં પુષ્પો પીળાં છે. સમુદ્ર પરીના વાળ જેવાં સોનેરી. અને કેફોડીલના પુષ્પો કરવાં પણ વધારે પીળાં. પણ તે વિદ્યાર્થીની બારી પાસે મારો ભાઇ છે. તે કદાચ તને લાલ ફુલ આપશે. તેથી બુલબુલ ત્યાં પહોંચ્યું. લાલ પુષ્પની સુંદર ગીતના બદલામાં માગણી કરી.

પણ છોડે મસ્તક હલાવ્યું. તેણે કહ્યુ, "મારાં પુષ્પો કબુતરના પગ જેવાં જ લાલ છે. પરવાળા કરતાં પણ વિશેષ લાલ છે. પણ શિયાળાએ ગાત્ર થીજાવી દીધાં છે. કરાંએ મારી પુષ્પ કળીઓ રહેંસી નાખી છે, વા ઝડીએ મારી શાખાઓ ભગ્ન કરી છે. તેથી આ વર્ષે તો એક પણ ફુલ મને મળશે નહિ."

ભાઈ! મારે એક જ રાતું પુષ્પ જોઈએ છે એકજ "ચાંદનીમાં સંગીત દ્વારા તૂં એક પુષ્પનું સર્જન કર. અને તારાંજ હૃદયના રંગથી લાલચોળ બનાવ. ત રે મારી સમક્ષ કાંટાં સાથે તારી છાતી જડીને ગાવું પડશે. આખી રાત્રી ગાવું પડશે કાંટો તારા હૃદયમાં પ્રવેશશે અને તારૂં રુધિર મારી નસમાં પ્રવેશશે અને તે મારૂં બનશે તોજ પુષ્પ હું બનાવી શકીશ.— "છે એ વાત કબૂલ?" ગુલાબ છોડે કહ્યું.

બુલબુલ બોલી ઉઠયું, "એક ગુલાબ માટે–મૃત્યુ–તે તો ભારી કીંમત કહેવાય. જીવન તો સર્વને વ્હાલું છે. લીલાં જંગલમાં બેસવું અને સૂર્ય અને ચંદ્રને તેમના રથમાં નિહાળવા તે ખુબ મઝાનુ છે. છતાં પ્રેમ જીવન કરતાં વિશેષ સારો છે."

માનવીના હૃદયની સરખામણીમાં પંખીના હૃદયની શી કિંમત?

તેથી બુલબુલે પોતાની પાંખો ફફડાવી અને હવામાં ઉડયું. પડછાયા જેમ બગીચા ઉપર ફરી વળ્યું અને વૃક્ષો ઉપર પણ ઘુમી વળ્યું.

હજી પણ પેલો વિદ્યાર્થી ઘાસ પર પડયો હતો. અને તેની સુંદર આંખોમાં અશ્રુઓ સુકાયા ન હતા.

બુલબુલે કહ્યું, "સુખી થા! સુખી થા! તને લાલ ગુલાબ જરૂર મળશે. ચાંદનીમાં સંગીત દ્વારા હું પુષ્પ સર્જીશ. અને તેને મારા હૃદયના રંગથી રંગીશ. તેના બદલામાં તારી પાસે એટલું જ યાચું છું કે પોકળ પ્રેમી ન નીવડીશ.

વિદ્યાર્થીએ ઉંચે નજરે કરી, સાંભળ્યું, પણ કશી સમજણ ન પડી; કેમકે તેને તો પુસ્તકમાં લખેલ લખાણનીજ માહિતી હતી.

પણ ઓક–વૃક્ષ સમજી ગયું, અને ગમગીન બન્યું. કેમકે તેને બુલબુલ પ્રત્યે ખૂબ ભાવ હતો; વળી તેણે તેનો માળો પોતાના પર બાંધ્યો હતો. તેણે ધીમેથી કહ્યું, "મારે માટે છેલ્લુ ગીત ગા. તારી ગેરહાજરીમાં મને અટલું લાગશે."

તેથી બુલબુલે ગીત છેડયું, તેનો મધુર કંઠ જાણે કે રૂપાના કુંજામાંથી સરતું પાણી!

જ્યારે ગીત પૂર્ણ થયું ત્યારે વિદ્યાર્થી ઉભો થયો અને નોટબુક અને પેન્સીલ બહાર કાઢયા.

ખરેખર તેને સુંદર સ્વરૂપ છે–તેમાં 'ના' કહી શકાય તેમ નથી. પણ તેનામાં ભાવના છે? કદાચ મને કહેતાં ભીતિ લાગે. વાસ્તવિકતામાં તે બધાંજ કલાકાર સમાન છે. તેનામાં સચ્ચાઈ વિહોણી પદ્ધત્તિ છે, તે બીજા માટે જાત–બલિ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાન ન આપે તે ફક્ત સંગીતનો ખ્યાલ ધરાવે છે અને સહુ જાણે છે કે કલાકારો સ્વાર્થી છે. છતાં મારે સ્વીકારવું પડે કે તેના કંઠમાં મધુરા સૂરો છે. ખેદની વાત છે કે તે બીજાનું કશું ભલું કરી શકતા નથી.

જ્યારે ચંદ્ર આકાશમાં ચાંદની વર્ષાવી રહ્યો હતો ત્યારે બુલબુલ ગુલાબના છોડ પાસે ગયું. અને કાંટા સામે પોતાની છાતી ધરી દીધી. આખી રાત્ર તેણે ગીત ગાયું, કાંટાથી છાતી ભોંકાતી રહી. ચંદ્ર ભીંજાયેલ હૃદયે તે સાંભળતો રહ્યા. છાતીમાં કાંટો ઊંડો ઉતરતો ગયો અને જીવન-પ્રવાહ છોડમાં વહેતો રહ્યો.

પ્રથમ તેણે પ્રેમ-અંકુરને ગીતથી નવાજ્યું ફુલ શ્રુતમા, ગુલાબના છોડ-મથાળેની ડાળી પર એક અદ્ભુત ગુલાબ પ્રકટ્યું- એક પછી એક પાંખડી ખીલતી ગઈ- ગીતના પ્રવાહ સાથે પ્રથમ રંગ હતો ફીકકો-જાણે કે નદી પર ઘેરાતું ધુમ્મસ ! જાણે કે પ્રભાતની ફુટતી પાંખો !

પણ ગુલાબ છોડે ચીસ પાડી, "બુલબુલ, જોરથી દબાવ તારી છાતી કાંટા સાથે, નહીંતર ગુલાબના સર્જન પહેલાંજ દિવસનું આગમન થઈ જશે.

તેથી બુલબુલે છાતી વધાર દબાવી. ગીત વધું ખીલ્યું- તેમાં યુવાનીના હૃદયના ઝણકાર હતાં. તુરતજ મુલાયમ ગુલાબી રંગ પાંખડીઓમાં દેખાયો, પણ હજુ કાંટો છાતીને વીંધતો વીંધતો હૃદય સુધી પહોંચ્યો ન હતો. તેથી જ ગુલાબ ગુલાબી નહોતું બન્યું, કેમકે બુલબુલનું લોહીજ ગુલાબના હૃદયને લાલ બનાવી શકે તેમ હતું. ફરીને છોડે તીવ્ર અવાજે બુલબુલને તાકીદ આપી. બુલબુલે વધુ ભીંસ આપી. કાંટો હૃદયમાં ભોંકાયો. ભારી વેદના અને ભારે દર્દ સાથે તેનું ગીત ચાલું રહ્યું. પરિણામે ગુલાબ લાલ બની ગયું. તેનામાં પૂર્વના આકાશથી લાલી. પાંખડાંઓ હતા લાલ અને માણકે જેવું લાલ હતું હૃદય. પણ બુલબુલનો અવાજ આછો બનવા લાગ્યો. પાંખો ફફડી ઉઠી. આંખ પર ઓજલ છાઈ ગઈ, ગીત પણ મંદ ને મંદ બનતું ગયું. કંઠ રૂંધાવા લાગ્યો. છેલ્લે બુઝાતા દીપક જેમ છેલ્લી હલક ગુંજી ઉઠી. ચંદ્ર પણ થંભી ગયો. ગુલાબે સાંભળ્યું. આનંદથી તે ઝુમી ઉઠ્યુ અને પાંખડીઓ ખીલી ઉઠી.

વૃક્ષ બોલી ઉઠયું, "જુઓ જુઓ ! ગુલાબ પૂર્ણ રીતે ખીલી રહ્યું છે." પણ બુલબુલનો પ્રતિધ્વનિ ન હતો.

(ક્રમશઃ)

હે ચેતન ! મિથ્યાત્વમાં પ્રત્યક્ષ રીતે જ અનેક દોષો વિડંબનાઓ રહેલ છે. તથા એક પણ ગુણ નથી જ ! આ વાત વારંવાર જાણવા-સાંભળવા છતાં પણ, તીવ્ર દર્શન મોહનીયથી ઘેરાયેલ અક્ષાનાંધ જીવો મિથ્યાત્વનો ત્યાગ કરતા નથી. પ્રસ્તુત મિથ્યાત્વને હિતકર માની તેની પુનઃ પુનઃ આસેવના જ કર્યા કરે છે. હા હા ! ન્યુમોનિયા થયેલ જીવ, હજુ પણ સરોવરના સ્નાનને જ ઇચ્છે છે, તથા સંગ્રહણીનો રોગી કઢીયેલા દૂધને જ વાંછે છે, હવે તું જ કહે કે આવો કુપથ્ય સેવનાર આત્મા નિરોગી-સ્વસ્થ કેવી રીતે થાય ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચક્રવર્તી

લેખક :- સવાઈલાલ જાદવજી શાહ

છ ખંડના અધિપતિ રાજા - તે ચક્રવર્તી રાજા. ચાલુ અવસર્પિણી કાળમાં ૧૨ ચક્રવર્તી રાજાઓ થયા છે તેના નામ :—

(૧) ભરત (૨) સગર (૩) મઘવા (૪) સંનતકુમાર (૫) શાંતિનાથ (૬) કુંથુનાથ (૭) અરનાથ (૮) સુભુમ (૯) પદ્મ (૧૦) હરિષેણ (૧૧) જય (૧૨) બ્રહ્મદત્ત,

## રાજ્ય-ઋદ્ધિનું વર્ણન

કુરૂજણવય હત્થિણાઉર નરિસરો પઢમં-તઓ મહા ચક્કવટ્ટિભોઓ મહાપભાવો,

જો બાવત્તરિ પુરવર સહસ્સવર નગર નિગમ જણવય વઇ,

બત્તિસારાય વર સહસ્સાણુ થાય મગ્ગો

ચઉદસ વરરયણ નવ મહા નિહિ ચઉસઠિક સહસ્ય પવરજુવઈણ સુંદર વઇ

ચુલસી હય-ગય-રહ સય સહસ્સ સામી છન્નવઇ ગામ કોડિ સામી
આસિ જો ભારહંમિ ભયવં ।। અજિત શાંતિ સ્તવન.

કુરુદેશમાં હસ્તિનાપુર નગરમાં પ્રથમ રાજા અને પછી ચક્રવર્તીની રાજ્ય-ઋદ્ધિના મોટા પ્રભાવવાળા બહોંતેર હજાર નગર અને બત્રીશ હજાર મુગટબદ્ધ રાજાઓ તેમને અનુસરતા હતા તથા ચૌદ રત્ન, મહાનિધિ, અને ચૌદ હજાર સુંદર સ્ત્રીઓના સ્વામી, ૮૪ લાખ અશ્વ, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ રથ, અને ૯૬ ક્રોડ ગામોના સ્વામી એવા શ્રી શાંતિનાથ ભગવાન ભરત ક્ષેત્રને વિષે ચક્રવર્તી થયા.

## ચક્રવર્તીના ચૌદ રત્નો

(૧) ચક્રરત્ન :- અપ્રતિહત શસ્ત્ર. શત્રુના મસ્તકને છેદે છે - જે ૧ ધનુષ-પ્રમાણ હોય છે.

(૨) છત્ર રત્ન :- જે ધનુષ-પ્રમાણ હોય છે. ચક્રવર્તીના હસ્ત સ્પર્શથી ૧૨ યોજન વિસ્તારવાળું બને. તેની નીચે સમસ્ત ચક્રીદળોનો સમાવેશ થાય છે. મ્લેચ્છ દેશના રાજાઓથી દેવો દ્વારા વરસાવાતા વરસાદના ઉપદ્રવ વખતે આ રત્નથી સમસ્ત સૈન્યનું રક્ષણ થાય છે.

(૩) દંડ રત્ન :- એક ધનુષ-પ્રમાણ. જરૂર પડે એક હજાર યોજન ભૂમિ ખોદી શકે છે. ટેકરા વડે વાંકીચુકી ભુમિ આ રત્નના પ્રહારથી તુરત સરખી બને છે.

(૪) ચર્મ રત્ન :- બે હાથ પ્રમાણ લાંબુ હોય છે, ચક્રીના હસ્ત સ્પર્શે ૧૨ યોજન વિસ્તાર પામે છે. તેના ઉપર શાલી પ્રમુખ ધાન્ય વાવેલા હોય તે સાંજે ઉપયોગ યોગ્ય બને તે રીતે તૈયાર થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫) ખડગ રત્ન :- બત્રીશ આંગળ પ્રમાણવાળુ અતિશક્તવંત શસ્ત્ર.

(૬) કાકીણી રત્ન :- ચાર અંગુલ પ્રમાણવાળા આ રત્નથી વૈતાઢ્ય પર્વતની ઘોર અંધકારમય ગુફામાં બંને બાજુ પ્રકાશ આપનાર ઓગણપચાશ મંડળનું આલેખન કરે છે. તે આખેખેલ મંડળના પ્રકાશથી અંધકારમય ગુફામાં દિવસ જેવો પ્રકાશ પથરાય જાય છે. તે પ્રકાશમાંથી સૌમ્ય સુગમતાથી ગુફામાં પસાર કરે છે.

(૭) મણિરત્ન :- આ રત્ન ચાર આંગળ લાંબુ અને બે આંગળ પહોળું હોય છે. તે રત્નને ચક્રવર્તીની રાવટી ઉપર મુકવાથી તે રત્ન બાર યોજન સુધીની ભૂમિ પ્રકાશિત કરે છે. હાથે કે અંગ બાંધવાથી તે તે અંગોના રોગ દૂર થાય છે.

(૮) પુરોહિત રત્ન :- શાંતિકર્મ કરનાર,

(૯) અશ્વરત્ન :- શ્રેષ્ઠ અશ્વ.

(૧૦) ગજરત્ન :- શ્રેષ્ઠ હાથી.

(૧૧) સેનાપતિ રત્ન :- ચક્રવર્તીની સહાય વિના જે ગંગા-સિંધુ નદીની બહારના ચાર ખંડ સાથે છે. યુદ્ધમાં અતિ નિપુણ હોય છે.

(૧૨) ગૃહપતિ રત્ન :- ગૃહની ચિંતા રાખે છે. ( કોઠારીના સ્થાને ),

(૧૩) વાર્ધિકી રત્ન :- મકાન બાંધવામાં અતિ નિપુણ, લશ્કરના પડાવો નાખવા તથા વિચિત્ર પ્રવાહની ઉન્મગ્ના અને નિમગ્ના જેવી મહા નદીઓ ઉપર પુલ બાંધવા આદિ કામ કરનાર-બાંધકામ નિષ્ણાત અગ્રણી.

(૧૪) સ્ત્રી રત્ન :- અદ્ભુત રૂપવંત, યોગ્ય શક્તિશાળી સ્ત્રી. તેનું સ્થાન ચક્રીના સ્ત્રી સમુદાયમાં મુખ્ય ગણાય છે. તે મૃત્યુ બાદ પ્રાયઃ છઠ્ઠી નરકે જાય છે. ફક્ત કામાશક્તિ અને મહારૌદ્ર અધ્યવસાયથી.

# જૂના જમાનાની મોટપ

જામનગરના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ હતા ઝંડુ ભટ્ટજી.

પચીસ-ત્રીસ માઈલ દૂર આવેલ કોઈ ગામથી એક ઘોડેસ્વાર ભટ્ટજીને દર્દીને જોવા તેડી જવા આવ્યો તરતજ તેઓશ્રી ઘોડે ચડી નીકળ્યા. રસ્તા પર ઝાડીમાંથી આઠ દસ માણસોએ આડા ઉતરી પડકાર્યા ઘોડેસ્વારે તલવાર ખેંચી. પણ ભટ્ટજી ઘોડા ઉપરથી ઉતરી કહ્યું, " આ કોઈ આપણા શત્રુ નથી. બોલો ભાઈ ! અમને શું કામ રોકો છો ? હું જામનગરનો વૈદ્ય છું. અમુક ગામે દરદી બહુ માંદો છે તેની તબીયત જોવા જવાનું છે"

બહારવટિયાઓ લૂંટ માટે જ આવ્યા હતા. તેથી ભટ્ટજીએ કહ્યું, " મારી પાસે ફુટી કોડી નથી. હું પાછા વળું ત્યારે તમારામાંથી એક જણ સાથે આવજો હું સવાસો કોરી અપાવીશ." બહાવટિયાં વિચારમાં પડયા, સ્વારને બાનમાં રાખવા ઈચ્છા જણાવી. ભટ્ટજીએ કહ્યુ', "ભોમિયા

( અનુસંધાન પેજ ૧૦૬ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાય હરિયાળી ખાડમાં

ભોજ રાજાની સભામાં પંડિતો ઉપર સહેતુક દૃષ્ટિ ફેરવી રહ્યા હતા. પણ કોઈનું મુખ ઊંચું થતું ન હતું. મહા પંડિત કાલિદાસ પણ વિચાર મગ્ન હતા.

વાત એમ હતી કે વિદર્ભ દેશના પંડિત વસુબન્ધુએ છ શબ્દોના સમુહની એક પંક્તિ આપી હતી. પંડિતોને સમસ્યા પૂર્તિ કરવા પડકાર કર્યો હતો.

શાંતિની ઘેરી અસર નૃપતિને મુંજવતી હતી. વસુબન્ધુ ગૌરવ અનુભવતો હતો,

રાજાની નજર કાલિદાસ પર ઠરી. તેથી તેણે ઉભા થઈ સમસ્યા પૂર્ણ કરી.

અમ્બા કુપ્યતિ તાત । મુર્ધ્નિ વિધૃતા ગંગેય મુત્સુજ્યતામ્ ।

( પિતાજી, આપે આ ગંગાને જટામાં રાખ્યા છે તેથી માતાજી દુભાયા છે-તેને છૂટી કરો)

વિદ્વાન્ ષણ્મુખ સન્તતં મયિ રતા તસ્યાઃ કા ગતિ ? ।

બેટા કાર્તિકેય, તૂં તો સમજુ છો. સદાકાળ મારા ઉપર તે સ્નેહ વર્ષાવતી આવી છે, કહે હવે છે કયાં જાય ? શંકરે કહ્યુ,

કોપાયેપવશા દ્વિવૃદ્ધ વદનઃ પ્રત્યુત્તરઃ દત્તવાન્ ।

પણ છ મુખવાળા કાર્તિકેય છેડાઇ પડયા અને રોષમાં આવીને છ મુખથી એકી સાથે બોલ્યા જાય હરિયાની ખાડમાં,

અમ્ભોધિ ર્જલધિઃ પયોધિ રુદધિ વારાંનિધિ વારધિ. ।

આવી અર્થ સૂચક સમસ્યા પૂર્તિ સાંભળી વસુબન્ધુનો ગર્વ ગળી ગયો કેમકે તેના છ શબ્દોની પંકિત આજ બતી,

અમ્ભોધિઃ જલધિઃ પયોધિઃ ઉદધિઃ વારાંનિધિઃ વારિધિઃ ।

' ભોજ-કાલિદાસ 'માંથી ઉધ્ધૃત

---

( અનુસંધાન પેજ ૧૦૫નું ચાલુ )

વગર હું કયે ગામ જઉં ? કોને જોવા જઉં ? પણ ઇશ્વરની સાક્ષીએ જણાવું છું કે હું તમારા સાથીને પકડાવીશ નહિ. નાત, જાત, ગામ કશું જાણવાની તજવીજ નહિ કરૂં, મને રોકો નહિ " છેવટે તેમને જવા દીધા. વળતા આ જગાએ કોઈ હતું નહિ. પણ બે-એક ગાઉ પછી એક જણ સાથે થઇ ગયો. ઓળખાણ આપી વૈદ્યરાજ પોતાની સાથે લઈ ગયા દિવસ ઉગ્યે વૈદ્યરાજ બાવાભાઇ અચળજી પાસથી સવાસો કોરી ઉછીની મંગાવી. બહારવટિયાને આપી, જમાડી રવાના કર્યો.

વળતે દિવસે જયારે વૈદ્યરાજ પૂજામાંથી ઉઠયા ત્યારે અજાણ્યા ત્રણ માણસો તેમને એકાંતમાં મળ્યા. વૃધ્ધે સવાસો કોરી તેમના પગમાં મુકી ને કહ્યું, "બાપા ! મારો છોકરો તમને ઓળખતો ન હતો. હજી બાળક બુદ્ધિ છે અમારો દી બેઠો છે, તમને લૂંટી પાપ કર્યું છે. અલ્યા લાગ પગે." જુવાને ભટ્ટજીના પગમાં માથું મુકયું. માફી માગી. વૈદ્યરાજે કહ્યું, એણે મને જવા દીધો એ વાતજ મને બહુ ગમી. મને લાગ્યું કે હજુ તેના હૈયામાં ભગવાન બેઠો છે. બીજાને દુઃખ નથી તે જોતા રહેજો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપમાન કરનારને તરતજ દાદ દેનાર મોટા મનના રાજ્યાધિકારી–પટ્ટણી સાહેબ

એકવાર ભાવનગર રાજ્યના પાંચપીપળા ગામના એક ખેડૂત પાસે રાજ્યની વરસોની મહેસૂલની મોટી રકમ લેણી હતી. વરસ સારું ગયેલું પણ વેપારીને કરજ ભરવામાં મહેસૂલ પેટે કંઈ ભર્યું નહિ. થાણદારે જમીન ખોરડાં જપ્ત કર્યાં. ખેડૂતે થાણદાર, વહીવટદાર, વસૂલાતા વગેરેને અરજી કરી પણ દાદ ન મળી.

છેવટે એ ખેડૂત પ્રભાશંકરભાઇને મળવા ભાવનગર આવ્યો. બહારગામથી આવનારને તેઓશ્રી તેજ દિવસે મળતા. તે દિવસે તેમને ભરપૂર તાવ હતો. છતાં ખેડૂતને પોતાની પાસે બોલાવ્યો. અરજી લઈ વાત સાંભળી. પ્રશ્નો પૂછી પૂરી વિગત જાણી. આ અરજી ખાતા પર મોકલી. હું તપાસ કરાવી જપ્તી વ્હેલાસર ઉઠે તેમ કરીશ."

ખેડૂત રોઈ પડયો. તેણે કહ્યું, "મારા ઢોર જમીન-ખોરડાં જપ્તીમાં છે. દરબારનું મારી પાસે ભારે લેણું છે તે વાત સાચી છે. દરબાર માબાપ છે, પણ વાણિયો ગળે પડયો. ઘેર આવી લાંઘવા બેઠો. તેની રકમ વ્યાજ સાથે છાશવારે વધતી જાય છે. એટલે કંટાળી તેને રૂપિયા ભર્યા. તેથી થાણદાર સાહેબ નારાજ થયા. હું શું કરૂં? મારી પાસે રાતી પાઈ રહી નથી. આજે કેટલાં દિવસથી આભ નીચે બાઇડી છોકરાંને રહેવાનું ઠેકાણું નથી. રોટલો નથી, તમ જેવાથી મારૂં કંઇ ન થઈ શકતું હોય તો આ ચૂડિયું પે'રો"—એમ કહી ગજવામાંથી બંગડી કાઢી પ્રભાશંકર ભાઇ સામે વરા.

તેમને આંખમાં આંસૂ આવી ગયાં, તેમણે બંગડી લઈ લીધી ને કહ્યું, ખરી વાત છે ભાઇ, હું આને લાયક છું."

આમ કહી, વાહનદ્વારા ખેડૂત સાથે મોતીબાગ ઓફિસે ગયા. વાઇસ પ્રેસિડન્ટ બર્ક સાહેબ અંગ્રેજ અમલદાર પાસે વસૂલાત ખાતું હતું. તેમણે બધી વાત કરી. પણ આ રીતે દાદ આપવામાં તેમને નાનપ લાગી. ત્યારે પ્રભાશંકર ભાઈએ કહ્યું, "આમાં હવે ઢીલ કરવી એ આપણું.નાક આપણે જાતે કાપી દુનિયાને બતાવ્યા બરાબર છે, માટે તેમનો તુમાર કઢાવો. આપણે અત્યારેજ નિકાલ લાવીએ."

તેજ વખતે મહેસૂલના હપ્તાનું નામ ખેડૂત પાસેજ પડાવી, તેને જવા આવવાની ભાડાની રકમ પોતાના તરફથી આપી રવાના કર્યો. બંગલે પાછા આવી ટેબલ પર પડેલ તારીખિયાના કાગળમાં બે લીટી લખી:

"લીધાંતા દોકડા કરજે, દીધા સોના રૂપે પાછા,
હવે જો જીવવા દે તો વણિકનું એટલુંયે કયાં?

તે જ દિવસથી રાજ્યના ખેડૂતોના કરજ–નિવારણ યોજના ઘડવા માંડી. રાજ્યનું જૂનું મહેસૂલ માફ કરી, ખેડૂ પાસે લેણી નીકળતી રકમોમાં વેપારી પાસે સ્વેચ્છાએ છૂટ મૂકાવી, ખેડૂતો વતી એ રકમ વેપારીને રાજ્ય તરફથી ચૂકવી, રાજ્યના તમામ ખેડૂતનું કરજ તેમણે ફિટાવી દીધું.

('સત્ત્વશીલ' માંથી ઉદ્દ્યૃત)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્કટ ભક્તિભાવ

( લે. ભદ્રબાળ )

શરીર અમારૂં ઉલ્લસિત થઈને
 અનુપમ એ તો નાચે છે
સાડા ત્રણ કરોડ રોમ અમારાં
 પુલકિત અતિ થાયે છે
આત્મા અમારો પ્રભુજી તમારી
 સેવા કરવા તલસે છે
તે આપની પાસે નિત્યે રહેવા
 ઉત્કટ ભાવના રાખે છે.

અર્થ :- હે શ્રી જિનેશ્વર દેવ! આજ મારૂં આ શરીર અતિ ઉલ્લાસમાં આપ સન્મુખ નાચે છે, મારા શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાડામાં હર્ષ છલકાઈ રહ્યો છે. આ આત્મા આપની સેવા કરવા તલસે છે; તે સદા આપમય બનીને રહેવાની ઉત્કટ ભાવના ભાવે છે.

સંવદન :- અહીં ભક્તિ એવી ખીલી છે કે જાણે પુનમની ચાંદની જોઇ લ્યો! તેમાં જે ભાવની ભરતી છે તેનામાં સ્નાન કરવાથી ભવના કાંઠા ધોવાઈને નાબૂદ થઈ જાય તેમ છે.

કર્મના સર્જન માત્રને ધર્મના શરણમાં ઝુકાવવાથી મળતા આનંદનો અનુભવ આ ભજન-પંક્તિના શબ્દેશબ્દમાં છલકાય છે.

હું ઘણોએ નાચ્યો આ ભવમંડપમાં : ઘણાં પ્રયત્નો કર્યા રીઝવવા લોકને : છતાં ન મારા નાચનો અંત આવ્યો, ન લોક રીઝયા એટલે મેં લોકનાથ એવા શ્રી જિનરાજ સમક્ષ નાચવાનો શુભ પ્રારંભ કર્યો છે અને તેથી, મને નચાવનારા કર્મો ખરતા જાય છે. મારૂં મન ફુલ જેવું ફોરૂં, પાણી જેવું પાતળુ અને ઝાકળ જેવું શુદ્ધ બનતું જાય છે આ નાચ એ સાચો નાચ છે. સ્વાર્થને વશ થઈને નાચવું એ નાચ નથી પણ ગુલામીને નમન છે,

મોહ મને નચવે, વિષય-કષાય મને નચવે, રાગદ્વેષ મને નચવે અને છતાં મને તેમાં આનંદ આવે; હીણપતભર્યા એ દિવસો હવે ગયા કારણ કે હવે હું પરમાત્મા સમક્ષ નાચતાં શીખી ગયો છું; એટલે જગતની બીજી કોઈ સત્તા હવે મને નહિ નચાવી સકે.

પરમ સૌભાગ્યવંતા પરમાત્મા સન્મુખ નાચું છું ત્યારે મારા રૂંવાડે-રૂંવાડે હર્ષના દીવા પ્રગટે છે દીવે-દીવે આત્માનો આનંદ પ્રગટે છે; હાશ! છૂટયો કર્મના સકંજામાંથી, એવા હૃદયોદ્ગાર નીકળે છે. જેની સન્મુખ નાચવાથી આવો અનુપમ આનંદ આવે તે શ્રી જિનેશ્વર દેવની સેવાપુજા વગેરે કરવાથી અધિક આનંદ આવે તે સ્વાભાવિક છે.

ઉત્કૃટ શુભ ભાવ સેવવા જેવો છે. તો તે ભાવના સ્વામી શ્રી જિનરાજની સેવા કરતાં તો-અહો! હું મુજ નમું, હું મુજ નમું-એ આનંદઘનોદ્ગાર નીકળે જ નીકળે. પુજનીય સર્વશ્રેષ્ઠ પદાર્થોમાં ત્રિભુવનપતિ શ્રી જિનેશ્વર પરમાત્મા પરમ પુજનીય છે; એક તેમને પુજવાથી સઘળા પુજ્યોની પુજા થાય છે કારણ કે સઘળા પુજ્યોને પણ પુજ્ય શ્રી જિનરાજ છે.

મહા મહિમાશાળી આત્મદ્રવ્યના પરમ ચાહક એવા શ્રી જિનેશ્વર દેવને પુજવાથી અપુજ્ય પદાર્થોની પુજા કરવાનો રોગ નાશ પામે છે અને આત્મા પુજાય છે, શ્રી જિનપુજા એ સર્વશ્રેષ્ઠ ગુણો પ્રત્યેના પ્રમોદભાવની અભિવ્યક્તિ છે તેથી તેથી ગુણીના ગુણાની અનુમોદના કરવાની રૂચિ પ્રગટે છે.

અપુજ્ય રાગદ્વેષાદિને પુજવા એ દોષ છે, તો પરમ પુજ્ય શ્રી જિનરાજને ન પુજવા એ મહાદોષ છે; એટલે મને તો દિનરાત પરમાત્માના સહવાસમાં (ઉપયોગમાં) રહેવાની રઢ લાગી છે.

એક રાજાની પાસે બેસનારનું પડખું લેવા માટે લોક સમુદાય ઉમટે છે, તો પછી શ્રી જિનરાજની પડખે રહેનારને કયા સુખની મણા



For Private And Personal Use Only

રહે? જો હું પરમાત્માને નથી નમતો, નથી પુજતો, નથી સેવતો તો મારો આત્મા, પરમાત્માએ જેમને જીત્યા છે રાગદ્વેષ, મોહમિથ્યાત્વ આદિ ભાવશત્રુઓનો શિકાર બની જાય છે. માટે હું પરમાત્માને મન આપવાના મનોરથ સેવું છું.

આમેય મન કોઈને કોઈ પદાર્થને વિષય બનાવતું હોય છે. અને પછી એમાં રાચતું હોય છે તો પછી પરમાત્માને વિષય બનાવવા તેમાં ખોટું શું? અરે! એ તો સર્વ-શ્રેષ્ટ સત્કાર્ય છે, સર્વ સત્કાર્યોનું બીજ છે,

જન્મ-મરણની જંજાળમાંથી મુક્ત એવા પરમાત્માને મન આપવાથી આત્મા જન્મ-મરણાદિના કારણ રૂપ કર્મોના બંધનમાંથી મુકત થાય છે અને જગતના જીવોને પણ અભયદાન આપનારો બને છે. શરીરના ઘરમાં આત્મા છે, આત્માના ઘરમાં પરમાત્મા છે; માટે પરમાત્માને પુજનારો આત્મા પુજાય છે તેમજ તેનું શરીર પણ પુજાય છે. પરમાત્માને પુજવાથી જ આત્માને પાડનારા દોષોને-પાપોને પરાજય કરી શકાય છે.

પરમાત્માની પુજા સિવાયની પળોમાં આપણે કોને પુજીએ છીએ અને એવી પુજાથી સ્વ-પરને શો લાભ છે તેના ઉપર તટસ્થ પણે વિચાર કરીએ તો આપણા મનમાં પણ એજ ઉત્કટ ભાવ પ્રગટે કે મારી પળેપળ પ્રભુપુજામાં સાર્થક થઓ!

અપુજ્ય એવા રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન આદિને પુજવાથી દુર્બુદ્ધિ કદી કોઈના મનમાં ન જાગો! બધાંને પરમ પુજ્ય પરમાત્માની પુજાના ભાવ જાગો!

## ✠ સ્તવન ✠

મક્કમ બીડેલા ઓષ્ટોને, સ્થિર આંખની દૃષ્ટિ,
અણુ-અણુ ઉછળતી દેખી સ્વાધિનતાની સૃષ્ટિ;
પુષ્ટાલંબન એ પ્રતિમા સમજાવે છે સ્વાધિનતા. —૧

અખંડ આઝાદિના દર્શન એની આંખે કીધાં,
સ્વતંત્રના ઓજસ મુખપર નયન ભરીને પીધાં;
અંતર લોચન ઉઘડતાં ખત વાંચ્યા ગુલામીના. —૨

જડતાની પરવશ જંજીર માનેલી આઝાદી,
પરસત્તાની શોષણ ક્રીડા સમજેલો આબાદી;
સમજણ ભુલેલો સાદી ઘેલો જડ પુદ્ગલવાદી. —૩

વીર પ્રતિમાના દર્શનથી દિલની સૃષ્ટિ દેખી,
દર્પણ રૂપે બની દિલની સ્પષ્ટ દશા આલેખી;
પ્રિયા બની હૃદય-પ્રતિમા સુઝાડી સ્વદેશ સીમા. —૪

ઉંચા આસક્તિના વાંસે પંચ વિષય પટ્ટનો,
સ્વદેશમાં ઝંડો ફરકે છે પરદેશી સત્તાનો:
ઝેરી રજકણને ઝરતો શોષણ નીતિ સાચવતો. —૫

અંતરપુરના પાય તખ્ત પર તિમિર પર પંજો છે,
હદ છોડોના સવાઈ સૂત્રે આત્માનાદ ગુંજ્યો છે;
પ્રતિમાના દર્શન માત્રે દુશ્મન બિસ્તરને બાંધે. —૬

લે. સવાઈલાલ જાદવજી શાહ

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫ ૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦ ૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૬-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| " " ભાગ ૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શંત્રુજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦ ૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૯-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૭-૦૦ |
| શ્રી શંત્રુજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

**લખો :- શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર )

તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.